India Media Monitor

# Suryakal

## upport\'s \'Save The Doctors\' Movement to Equalise UG and PG Medical Seats

**Date: 04/08/2013 | Edition: Ahmedabad | Page: 6 | Source: Bureau | Clip size (cm): W: 14 H: 13**

**Clip: 1 of 1**

# આઈએમએ અને એએચપીઆઈનો યુજી અને પીજી મેડિકલ બેઠકોને સમાન બનાવવા 'સેવ ધ ડોકટર' અભિયાનને ટેકો

અમદાવાદ, શુક્રવાર

સમગ્ર દેશના મેડિકલ વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અને એસોસિએશન ઓફ હેલ્થકેર પ્રોવાઈડર્સ ઈન્ડિયા એ અન્ડર ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએશ મેડિકલ બેઠકો સમાન બનાવવાં રાષ્ટ્રવ્યાપી ચળવળ 'સેવ ધ ડોકટર'ની જાહેરાત કરી છે. આ વ્યાપક ચળવળનો આશય દેશમાં પોલીસી મેકર્સ અને સંસ્થાઓ પર પ્રભાવ પાડવાનો છે.

મેડિકલ વિદ્યાર્થીઓ ગ્રામ્ય પોસ્ટિંગનો અમલ ઈન્ટર્નશિપ અને પોસ્ટગ્રેજયુએટ ટ્રેઈનિંગના ભાગરૂપે થાય તેમ ઈચ્છે છે. સમગ્ર દેશમાં બેથી-ત્રણ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ ચળવળને ટેકો આપશે તેવી તેમને અપેક્ષા છે.

એએચપીઆઈનાં ખજાનચી ડૉ.દેવી શેટ્ટીએ જણાવ્યું હતું કે, "આપણા દેશમાં અંદાજે બે લાખ જેટલા યુવાન ડૉક્ટર્સે તેમની યુવાનની મહત્વપૂર્ણ વર્ષો દર્દીઓની સારવાર અને દર્દ મટાડવાની કળા શીખવાના બદલે કોચિંગ કલાસીસમાં મલ્ટીપલ ચોઈસ કવેશ્ચન્સમાં જ વિતાવવા પડે છે.

આઈએમએના સેક્રેટરી જનરલ ડૉ.નરેન્દ્ર સૈનીએ જણાવ્યું હતું કે, "ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ગ્રામ્ય પોસ્ટિંગને ટેકો આપે છે. પરંતુ વર્તમાન સ્થિતિ તેને ફરજિયા બનાવે છે, જે વ્યવહારુ નથી, કારણ કે ગ્રામીણ વિસ્તારમાં કોઈ સ્ટ્રકચર્ડ પોસ્ટિંગ નથી. પ્રત્યેક પીજી વિદ્યાર્થીએ તેમના કોર્સ ય ઈન્ટર્નશિપના ભાગરૂપે છ મહિના માટે ગ્રામ્ય પોસ્ટિંગ સ્વીકારવું જોઈએ." તેમણે ઉમેર્યું હતું કે, "દરેક મેડિકલ અધિકારી તેમના સમયગાળા દરમિયાન ચારથી પાંચ પ્રમોશનને હકદાર હોય છે. પ્રત્યેક પ્રમોશન માટે એક વર્ષનું ગ્રામ્ય પોસ્ટિંગ ફરજીયાત બનાવી શકાય છે."

'સેવ ધ ડૉક્ટર' અભિયાનના સલાહકાર ડૉ.નવનીત મોત્રેજાએ જણાવ્યું હતું કે, "વર્તમાન પરિસ્થિતિમાં કોઈ પરિવર્તન નહીં આવે તો એ સમય દૂર નથી કે આપણે સર્જન્સની અન્ય દેશોમાંથી આયાત કરવી પડે. તાજેતરમાં જ લોકોના દબાણને કારણે બ્રાઝિલના વડાપ્રધાન કયુબામાંથી ૬,૦૦૦ ડોકટર્સની આયાત માટે સંમત થયા હતા."